**સેશન્સ કેસ નંબર : ૩૦/૨૦૧૫ તથા ૫૪/૨૦૧૫ ના કામે આરોપીઓ અનુક્રમે મહેન્દ્રભાઇ લાલચંદભાઇ પાટીલ તથા વિનોદચંદ્ર આત્મારામ પટેલનાઓની ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૮૯ હેઠળની આંક : ૨૯૦ ની અરજી નીચે હુકમ::–**

==================================================

(૧) બંને પક્ષોના વિ. વકીલશ્રીઓને સાંભળ્યા. અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધાં.

(૨) આરોપીઓ સામેના સેશન્સ કેસ નંબર : ૩૦/૨૦૧૫ તથા ૫૪/૨૦૧૫ ની ઈન્સાફી કાર્યવાહી પૂર્ણ થતાં બંને આરોપીઓને આજ તારીખ : ૧૨/૦૫/૨૦૨૬ ના રોજ દોષિત ઠરાવવામાં આવેલ. બંને આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૬, ૧૬૭ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના ગુનાઓ અંગે કેદની સજા તથા દંડ ફરમાવતો હુકમ કરવામાં આવેલ છે. આ ઊપરાંત, ફરિયાદીને વળતર ચૂકવવાનો પણ હુકમ કરવામાં આવેલ છે. આરોપીઓએ  દંડની રકમ ભર્યા અંગેની રસીદ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. આરોપીઓ સદર હુકમ સામે અપીલમાં જવા માંગે છે, જેથી અપીલ કરવા માટે દિન–૩૦ નો સમય આપવા, આરોપીઓને જામીન ઉપર મુકત કરવા તથા સદર હુકમનો અમલ મોકૂફ રાખવા અરજ કરવામાં આવેલ છે.

(૩) આ કામના બંને આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૬ મુજબના ગુના અંગે એક વર્ષની સાદી કેદની સજા તથા ભારતીય દંડ સંહિતાની કલમ–૧૬૭ મુજબના ગુના અંગે એક વર્ષની સખ્ત કેદની સજા તથા દંડનો હુકમ કરવામાં આવેલ છે. આરોપીઓએ દંડની રકમ ભરેલ છે, જે અંગેની રસીદો રજૂ કરવામાં આવેલ છે. આરોપીઓ તેઓને ફરમાવવામાં આવેલ કેદની સજા તથા દંડના હુકમની સામે નામ. હાઇકોર્ટમાં અપીલ કરવા માંગે છે અને તેઓને ફરમાવવામાં આવેલ સજા એક વર્ષની છે. આ તમામ સંજોગો લક્ષમાં લેતાં હાલની અરજી ક્રિમિ. પ્રોસી. કોડની કલમ–૩૮૯(૩) અન્વયે ગ્રાહ્ય રાખી ન્યાયનો હેતુ જળવાય તે માટે આ કામના આરોપીઓ મહેન્દ્રભાઇ લાલચંદ પાટીલ તથા વિનોદચંદ્ર આત્મારામ પટેલનાઓને અપીલ કરવા પૂરતાં તારીખ : ૧૧/૦૬/૨૦૨૬ સુધીના

અપીલ સમય માટે જામીન ઉપર મુકત કરવામાં આવે છે. દરેક આરોપી રૂા.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કર્યેથી તેઓને કરવામાં આવેલ કેદની શિક્ષાનો અમલ અપીલ સમય સુધી મોકૂફ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ઉપર જણાવ્યા મુજબ આરોપીઓને કરવામાં આવેલ કેદની શિક્ષાનો હુકમ તારીખ : ૧૧/૦૬/૨૦૨૬ સુધી મોકૂફ રાખવામાં આવે છે. આરોપીઓએ ઉપલી અદાલતમાંથી આ સમય દરમ્યાન યોગ્ય હુકમ મેળવવો, અન્યથા સજાના અમલ માટે તારીખ : ૧૧/૦૬/૨૦૨૬ ના રોજ આ કોર્ટ સમક્ષ હાજર થવાનું રહેશે, અન્યથા અપીલ સમય પૂરો થયેથી આરોપીઓ વિરૂદ્ધ પકડ વોરંટ ઇસ્યુ કરવામાં આવશે.

(૫) આરોપીઓએ સ્થાનિક જગ્યા/ગામ/સમાજ અને પક્ષકારો વચ્ચે સુલેહશાંતિનો ભંગ થાય તેવી કોઇ વાણી, વર્તન કે ગેરકાયદેસર પ્રવૃત્તિ જાતે કે કોઇના મારફતે કરવી–કરાવવી નહીં તેવી સ્પષ્ટ જવાબદારી આરોપીઓ ઉપર રાખવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૧૨ મી, **માહે :** મે, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૨/૦૫/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594